ગુજરાત વીદ્યાપીઠમાંથી ૧૯૫૫માં સ્નાતક થયા. વીદ્યાપીઠ તેમને બેવડી ફળી; જ્ઞાન અને સેવાના સંસ્કાર અને સાથે **‘સુમતી’** સ્વરુપે પ્રેમાળ સેવાશીલ જીવનસંગીની મળી.

શીક્ષણના નામે જ્યાં મીંડું; ત્યાં દીકરીને ભણાવવાની વાત જ શી? એવા અભીગમવાળા આ વતનમાં જ આ ગાંધીદીક્ષા પામેલા સ્નાતકદંપતીએ શીક્ષણયજ્ઞ માંડ્યો. કપરી કસોટીઓ છતાં ન જ ડગ્યાં. તેમના સંયુક્ત તપનાં છેલ્લાં પચાસ વર્ષનો પરીપાક એટલે **‘અનેરા’** સ્થીત **‘વીશ્વમંગલમ્’** નામક વીશાળ કન્યાવીદ્યાધામ. તેનું બાહ્યરુપ તો આધુનીક; પણ આત્મા ઋષી આશ્રમનો.

ગોરાભાઈ ભલે તેમનાં લખાણોને **‘છીપલાં’** કહે; પણ તેમના છેલ્લા પુસ્તક **‘ભાવોર્મી’**માંનો દરેક લેખ એક એક પાણીદાર **‘મોતી’** છે .

૧૯૩૧માં દશેરાના દીને જન્મેલા ગોવીંદભાઈ અને ૧૫મી ઑગસ્ટે જન્મેલાં સુમતીબહેન એટલે-વડનગરના સાહીત્યમર્મજ્ઞ અને સેવાશીલ **ડૉ. વસંત પરીખ**ના શબ્દોમાં : ‘ ગોરા હાડે શીક્ષક. દૈવી જીવ. ઐશ્વર્યવાન પ્રકૃતી. જીવનભર ગોરા અને સુ.બહેને ચૈતન્યની ખેતી કરી, તેય ‘મહાદેવી’ઓના જીવનઉઘાડ સારુ...(સ્ત્રીશીક્ષણ માટે વીશેષે કરીને)..’

**સંપર્ક :** વીશ્વમંગલમ્, **અનેરા**-૩૮૩ ૦૦૧ , સાબરકાંઠા જીલ્લો, ભારત
**ઈ-મેઈલ :** Anera_Ptc@sancharnet.in

--બળવંત પટેલ (ગાંધીનગર) balvantpatel@icenet.net અને
--ઉત્તમ ગજ્જર (સુરત) uttamgajjar@hotmail.com
‘સન્ડે ઈ-મહેફીલ’ -- વર્ષ : બે -- અંક : ૮૨ -- ડીસેમ્બર ૨૪, ૨૦૦૬
‘સન્ડે ઈ-મહેફીલ’ માટે **‘ઉંઝાજોડણી’** અને **‘વીજયા’ ફોન્ટ**’માં **: અક્ષરાંકન:** uttamgajjar@hotmail.com

*હવે માણીએ મહેન્દ્રભાઈનું કાર્ટુન..*




What's your New Year's resolution? My resolution is "Not to make any resolution!"

